


"સાહેબ... આ પત્રકારોની તો માઠી બેઠી લાગે છે ?"

"શું માઠી બેઠી છે ?! તમેય કાગનો વાઘ કરો છો !"

"સાહેબ કાગનો વાઘ નથી... નરી વાસ્તવિકતા છે... વાસ્તવિકતા..! આ જુઓને કર્ણાટકના નીડર મહિલા પત્રકાર ગૌરી લંકેશની ધોળે દિવસે હત્યા થઈ..!"

"હશે કંઈક કારણો..."

"એવું નથી સાહેબ..! એના તંત્રી લેખો અને લેખોમાં નોટબંધી બાદની દેશની આર્થિક સ્થિતિનું કડક વિશ્લેષણ કર્યું હતું તેનું પરિણામ લાગે છે..!"

"ખરા છો તમે હો..! પેલી કહેવત ખોટી નથી... "કમળો થયો હોય તેને બધુ પીળુ જ દેખાય..."

"ખોટી વાત છે સાહેબ..! કમળોએ નથી થયો ને સ્વાઈન ફ્લુએ નથી થયો... ગૌરી લંકેશની કડક ટીકાઓથી દેશભરમાં ભારે ખળભળાટ મચ્યો હતો..!! અરે કોકના ઈશારે જ તેની હત્યા થઈ છે..!"

"આ 'કો'ક એટલે કોણ..?!"

"સાહેબ કોઈક તો હશે ને !... જો જો ને તપાસમાં કંઈક નીકળશે તો ખરૂને..?!

"એટલે હવે આ પત્રકારો દેખાવો કરે છે... ધરણા કરે છે..."

"ઠીક સાહેબ..! પણ દેખાવો તો કરે જ ને..?! લાગણી વ્યક્ત કરે છે... અને તમને તો ખબર જ હશે ને સાહેબ... આપણા જ રાજ્યમાં આ ગૌરીના તંત્રીલેખોની ચર્ચા કરતી એનડી ટીવીને પ્રસારિત થતી અટકાવી દીધી..!!"

"આ તો કાગને બેસવું ને ડાળને પડવા જેવું છે... એવું કાંઈ છે જ નહિ...નિષ્પક્ષ પત્રકારિતામાં અમે માનીએ છીએ... ચોથી જાગીરમાં અમને શ્રદ્ધા છે..."

"હું...અ... સાહેબ આ બધુ ભાષણ માટે છે... બાકી આપણા જ દેશમાં એક વર્ષમાં ૪૬ પત્રકારોની હત્યા થઈ છે.... અને કેટલાય વરિષ્ઠ પત્રકારોની દુર્દશા થઈ છે..!! આ બધુ નજરઅંદાજ કેમ થાય છે..?! જો તમારી નિષ્ઠા છે તો..!"

"તમારા આક્ષેપો સાથે સંમત થવાય તેવુ નથી...કેટકેટલી પત્રકારો માટેની યોજનાઓ અમે મુકી છે... પત્રકારો માટેની કલ્યાણ યોજનાઓ અને થોકબંધ એવોર્ડ અને પુરસ્કારો આપવાની શરૂઆત પણ હમણાં જ છેલ્લા ત્રણ વર્ષમાં થઈ છે..!"

"એ જ ચાલાકી છે ને સાહેબ..!! સરસ રજુઆત કરવી... સૌને મંત્રમુગ્ધ કરવા અને વિરોધી સુરને દબાવી દેવા એને હોંશિયારી કહેવાય તો હોંશિયારી અને ચાલાકી કહેવાય તો ચાલાકી..!"

"હવે ચાલાકી ચબરાકીની વાત છોડો... ચોથી જાગીરની '૭૫માં કટોકટીકાળ વખતે તમારાવાળાએ શું દશા કરીતી..?! એ ઈતિહાસ કેમ ભુલી જાઓ છો..?! અને આજે ડાહ્યાડમરા થઈને ચોથી જાગીરની વકીલાત કરો છો..?!"

'વકીલાત નથી કરતો સાહેબ... વકીલાત નથી કરતો... દેશના એક નાગરિક તરીકે મારા સ્પષ્ટ વિચારોને રજુ કરૂ છુ... ૧૯૭૫ માંય

● અનુસંધાન પાન-૭ પર

# મહેસુલી વર્ષ સંપન્ન થયુ પણ મહેસુલી આવકના લક્ષ્યાંકો સિદ્ધ થયા નહિ

## જિલ્લામાં મહેસુલી આવક ૫૫ ટકાની આસપાસ જ રહી : જમાબંધીના હુકમો પણ અટવાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે મહેસુલી આવક ૫૦થી ૫૫ ટકા જ રહેવા પામી હોવાથી પંચાયતોમાં જમાબંધીની કામગીરીના હુકમો હાલ પુરતા ટાળી દેવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

પંચાયતની મહેસુલી આવકમાં મુખ્યત્વે જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર અને લોકલફંડ શેષની રકમ જમા થતી હોય છે. જિલ્લામાં વેરા વસુલીને અસરકારક બનાવવા માટે વારંવાર કરાયેલ તાકીદ પછી પણ ઓછી વસુલાત આવતાં તંત્રના અધિકારીઓની કામગીરી અંગે કડક તાકીદ કરવામાં આવી છે.

ઓગષ્ટની ૩૧મી તારીકે મહેસુલી વર્ષ સંપન્ન થતુ હોય છે અને ૪થી સપ્ટેમ્બરની આસપાસ પંચાયતોને જમાબંધીના આદેશો પણ આપી દેવામાં આવતા હોય છે.

જુલાઈ-ઓગષ્ટમાં ભારે વરસાદ તેમજ સ્વાઈન ફ્લુના રોગચાળાની સ્થિતિમાં તંત્ર વધુ અટવાયેલુ રહ્યુ. આ ઉપરાંત સરકારી કાર્યક્રમો તેમજ અન્ય કાર્યક્રમોમાં તંત્ર વ્યસ્ત રહેતાં વેરા વસુલી નબળી થવા પામી હોવાનું જાણવા મળેલ છે.

કલોલ, ગાંધીનગર, દહેગામમાં નબળી કામગીરી ઉપરાંત માણસામાં પ્રમાણમાં સારી કામગીરી થવા પામી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સપ્ટેમ્બરના પ્રારંભમાં જ જે રીતે સરકારી કાર્યક્રમોનો સિલસિલો ચાલ્યો છે તે તેમજ બીજી તરફ કર્મચારીઓની ઘટ અને ગ્રામ્ય કક્ષાએ પણ તલાટીઓની ઘટને લઈ કામગીરી ઓછી થવા પામી હોવાનું જાણવા મળેલ છે. આગામી સપ્તાહમાં જમાબંધી અંગે જરૂરી હુકમો તંત્ર દ્વારા કરી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# શહેરના સરીતા ઉદ્યાનનો ૧૦ કરોડના ખર્ચે નઝારો બદલાશે

## સરીતા ઉદ્યાનના નવિનીકરણનુ કામ પ્રગતિ હેઠળ : બગીચાની વચાળે વોટર બોડી , ચિલ્ડ્રન એરિયા , પબ્લીક પેવેલિયન, જોગીંગ ટ્રેક તેમજ કસરતના સાધનો પણ મુકાશે



ગાંધીનગર તા ૭

શહેરમાં બાલોદ્યાનની જેમ સરીતા ઉદ્યાનનુ પણ નવિનીકરણ કરવામાં આવશે. સરીતા ઉદ્યાન પણ સહેલાણીઓમાં હોટ ફેવરિટ છે. જો કે છેલ્લા ઘણાં સમયથી કંગાળ ભાસતા સરીતા ઉદ્યાનની કાયાપલટ કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં નવા રમતગમતના સાધનો ,ચિલ્ડ્રન પ્લે એરિયા, વોટરબોડી તેમજ ઉદ્યાનની લોન સહીતનુ કામ હાથ ધરવામાં આવશે. સરીતા ઉદ્યાનને નવો લુક આપવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરની આગવી ઓળખ સમા બે મુખ્ય ઉદ્યાનની કાયાપલટ કરવાનુ કામ પ્રગતિ હેઠળ છે. સે-૨૮ બાલોદ્યાનને નવા રૂપરંગ અપાવાનુ કામ ચાલી રહયુ છે. જયારે નગરના જ માર્ગ પર સ્થિત સરીતા ઉદ્યાનનુ પણ દાયકાઓના અંતે નવિનીકરણ કરવાની કાર્યયોજના અન્વયે કામ શરૂ કરી દેવાયુ છે. સરીતા ઉદ્યાનના ૧.૧૦ લાખ ચો મી વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૮ની કિશોરી અને સેક્ટર-૧૪ના યુવકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો

## જિલ્લામાં આજે એક પણ નવો કેસ મળ્યો નથી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવના બે કેસ મળી આવ્યા છે. શહેરમાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૪૪ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે નોંધાયેલા બન્ને નવા સેક્ટરોમાંથી મળી આવ્યા છે. આજે પણ એક વધુ કિશોરીનો કેસ મળ્યો છે. શહેરમાં સ્વાઈન ફ્લુ સામે જન-જાગૃતિ અભિયાન અંતર્ગત પ્રથમવાર ઓફિસના છુટવાના સમયે પબ્લીક એડ્રેસ સિસ્ટમની મદદથી સાવચેતીના પગલાંની જાણકારી તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૪માંથી આજે વધુ એક યુવકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ મળી આવ્યો છે. આ સેક્ટરમાંથી કેસ અગાઉ પણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૨૯૬ સીસીટીવી કેમેરા લાગશે

## સલામત અને સુરક્ષીત ગુજરાતના નિર્માણ માટે ૨૯૬ કેમેરા ગાંધીનગરમાં લાગશે અને સ્માર્ટસીટી અંતર્ગત ૨૩૦ કેમેરા લગાવી દેવાયા છે

ગાંધીનગર, તા. ૭

સલામત એ સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટે સરકાર દ્વારા ગુનાખોરીને ડામવા માટેના અસરકારક પગલા લેવામાં આવી રહ્યાં છે. ગુનાખોરી ડામવાની વૃત્તિને વધુ બળ મળે તે માટે રાજ્યના પાટનગરમાં પણ વધુ સીસીટીવી કેમેરા લગાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ શહેરમાં ૨૩૦ ઠેકાણે કેમેરા લગાવાયા છે. જ્યારે આગામી સમયમાં શહેરના મોટાભાગના વિસ્તારને કેમેરાની વોચ હેઠળ આવરી લેવા વધુ ૨૯૬ સીસીટીવી કેમેરા મુકવામાં આવશે. જેના લીધે સમગ્ર શહેર કેમેરાની વોચ હેઠળ આવી જશે. સીસીટીવી કેમેરાની મદદથી ગુનાખોરીની પ્રવૃત્તિને પણ અસરકારકરીતે ડામી શકાશે તેવી આશા બંધાઈ છે.

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે સલામત અને સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની નેતૃત્વવાળી પ્રવર્તમાન રાજ્ય સરકારે પ્રબળ રાજકીય ઈચ્છા શક્તિના આધારે નાગરિકોને વધુ સુદૃઢ કાયદો વ્યવસ્થાની સુવિધાઓ પૂરી પાડવાનો નિર્ધાર કર્યો છે. સ્માર્ટ સીટીના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ એવા સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના અમદાવાદ, સુરત, રાજકોટ વડોદરા અને ભાવનગર મહાનગરોમાં ઘણી સારી કામગીરી થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની કારોબારી ૧૮મીએ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આગામી ૧૮મી સપ્ટેમ્બરના રોજ પંચાયત ખાતે મળશે.

કારોબારી સમિતિની બેઠક જિલ્લા પંચાયતની સામાન્યસભા બાદ મળી રહી છે. આ બેઠકમાં વિકાસ કામો ઉપરાંત કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવામાં આવે તેવી શક્યતાઓ છે. ખાસ કરીને સભ્યોના વિસ્તાર વિકાસના કામોની તકનીકી અને વહીવટીય મંજૂરીના મુદ્દે ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે. આ બેઠકમાં જિલ્લા પંચાયતના રિનોવેશન અંગે પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.


મહાત્મા મંદિર **નિવિદા** iNDEXTb

**જૂની બેટરીઓના નિકાલ બાબત.**

મહાત્મા મંદિર, સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે ઉપયોગમાં લેવાયેલ નીચે જણાવેલ સ્પેસિફિકેશનવાળી જૂની બેટરીઓનો નિકાલ માટે તથા તેનો નિયમ મુજબ નિકાલ કરવા સારૂ ફક્ત આવા પ્રકારની બેટરીની લે-વેચ કરતી એજન્સીઓએ **તા. ૦૮-૦૯-૨૦૧૭, શુક્રવારના રોજ** કામકાજના સમયગાળા દરમિયાન તેઓના સ્તરેથી યથાયોગ્ય નિયમ મુજબ નિકાલ કરવા સારૂ અત્રેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. બેટરીઓના સ્પેસિફિકેશન નીચે મુજબ છે.

| Sr. No. | Make/ Model | Qty. |
|---|---|---|
| 1 | Exide Powersafe -EP 200-12, 12 V, 200 Ah | 68 |
| 2 | Index GPS 100-12, 12 V, 100 Ah | 68 |
| 3 | Index GPS 42-12, 12 V, 42 Ah | 64 |
| 4 | AMARON HIWAY HCV X00 D04R, 12 V, 150 Ah | 02 |
| 5 | Prestolite Black PB 150, 12 V, 150 Ah | 02 |
| 6 | 9 V Battery (Molicell) | 500 (±5%) |
| 7 | 1.5 V AA Batteries (Pencil Cell) | 2000(±5%) |

ઉપરોકત કાર્ય અન્વયે ભાવપત્રક નીચેના સ્થળે રૂબરૂમાં અંતિમ **તા. ૦૮-૦૯-૨૦૧૭** ના રોજ જ કચેરી કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. ભાવપત્રક મંજૂર કરવા અંગેનો ઇન્ડેક્ષ્ટબીનો નિર્ણય એજન્સીને આખરી અને બંધનકર્તા રહેશે.

**જનરલ મેનેજર (મહાત્મા મંદિર)**

**ગેટ નં. ૧, મહાત્મા મંદિર, સેક્ટર ૧૩C, ગાંધીનગર - ૩૮૨૦૧૭**

**Gujarat Informatics Limited**

GIL Enabling e-Governance

Block no.1, 8th Floor, Udyog Bhavan, Sector 11, Gandhinagar-382010 (Gujarat), Phone:079-23256022, Fax:079-23238925 Website : http://www.gil.gujarat.gov.in

**Invitation of Expression of Interest [EOI]**

Expression of Interest (EOI) is invited by Gujarat Informatics Ltd for Appointment of Architect for Interior Design for office at Karmyogi Bhavan & GIL office Gandhinagar.

The interested parties / firms may refer and download the document from gil.gujarat.gov.in from 08/09/2017 at 3.00 pm onwards and last date for submission of physical bid is 18/09/2017 up to 3.00 pm.

- Managing Director

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

રજી. નં. ભ-૨૦૨૫, તારીખ : ૨૮/૧૦/૧૯૭૫

ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૨મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૪/૯/૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે, ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, જેની મંડળીના તમામ સભાસદોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

તા. ૭/૯/૨૦૧૭ — દિલીપસિંહ ચૌહાણ, પ્રમુખ


# મોદી-શિન્જોના આગમનને પગલે તડામાર તૈયારીઓ આરંભાઈ

## એરપોર્ટથી ગાંધીઆશ્રમ સુધી ભવ્ય રોડ શો યોજાશે : રિવરફ્રન્ટ ખાતે યોજાશે ગુજરાત શો : ૧૪ સપ્ટેમ્બરે બુલેટ ટ્રેન પ્રોજેકટનું ભૂમિપૂજન થશે





અમદાવાદ, તા.૭

આગામી સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ જાપાનના વડાપ્રધાન શીનઝો અબે અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે આ સમયે આયોજિત કરવામા આવેલા કાર્યક્રમોમાં કયાંય કોઈ પ્રકારની ક્ષતિ ન રહી જાય એ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનરથી લઈને અન્ય ૫૦ જેટલા ઉચ્ચ અધિકારીઓને અત્યારથી જ વીઆઈપી રૂટ પરની વિવિધ કામગીરી સાથે જોડી દેવામા આવ્યા છે.ખાસ કરીને ૧૪ સપ્ટેંબરના રોજ અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેકટ માટેના ભૂમિપુજનનો કાર્યક્રમ આયોજિત કરવામા આવ્યો છે આ પરિસ્થિતિમા શહેરના વીઆઈપીઓની મુલાકાતવાળા સ્થળોને નવા રૂપ રંગ તંત્ર દ્વારા આપવામા આવી રહ્યા છે.આ અંગે મળતી માહીતી અનુસાર,આગામી સપ્તાહે ૧૩ અને ૧૪ સપ્ટેંબરના રોજ ઈન્ડો-જાપાન સમિટનું આયોજન કરવામા આવ્યુ છે આ કાર્યક્રમમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જાપાનના વડાપ્રધાન શીનજો અબે પણ સામેલ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં જનાદેશ મહા સંમેલન યોજાશે : અલ્પેશ ઠાકોર

## બીજી ઓક્ટોબરે ગાંધીનગરના મહાસંમેલનમાં રાજકીય વલણ સ્પષ્ટ કરાશે

ગાંધીનગર,તા. ૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે આગામી દિવસોમાં ગુજરાતભરમાં ૨૧ જેટલા જનાદેશ મહાસંમેલન યોજવાની આજે ઓબીસી,એસી,એસટી એકતા મંચના પ્રમુખ અને ક્ષત્રિય ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોરે જાહેરાત કરી હતી. વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતની જનતાનો જનાદેશ મેળવવા અને લોકોનો મત પ્રાપ્ત કરવાના આશયથી આ મહાસંમેલનો યોજવાની તેમણે જાહેરાત કરી હતી. અલ્પેશ ઠાકોરે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, તા. ૨જી ઓકટોબરના રોજ ગાંધીનગર ખાતે મળનારા વિશાળ જનાદેશ મહાસંમેલનમાં તેઓ તેમનું રાજકીય સ્ટેન્ડ સ્પષ્ટ કરશે અને કયા પક્ષ સાથે જોડાવું તે જનતાનો મત જાણ્યા બાદ જાહેર કરશે. ગાંધીનગરના મહાસંમેલનમાં પાંચ લાખથી વધુ લોકો ઉમટે તેવી શકયતા વ્યકત કરાઈ છે. ઓબીસી,એસી,એસટી એકતા મંચના પ્રમુખ અને ક્ષત્રિય ઠાકોર સેનાના નેતા અલ્પેશ ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, તેમના માટે બધા વિકલ્પ ખુલ્લા છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં શાસકપક્ષ ભાજપ સાથે જોડાવું કે, કોંગ્રેસનો હાથ પકડવો તે લોકોનો અભિપ્રાય અને મત જાણ્યા બાદ જ નક્કી કરીશું. તે

● અનુસંધાન પાન-૭ પર


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BRIDGESTONE CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com